ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૩૮/૨૦૨૬ તા. ૦૧/૧૦/૨૦૨૬

**વિષય:-** શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માં ડીઝીટલ ગુજરાત પોર્ટલ અંતર્ગત વિદ્યાર્થીઓની પેન્ડીંગ અરજીઓના નિકાલ કરવા બાબત.

**સંદર્ભ:-** જીલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરીનો પત્ર ક્રમાંક નં.જિનાનિ/વિજા/૨૬-૨૭/૧૯૬૭ થી ૨૦૩૬ તા. ૦૧/૧૦/૨૦૨૬

**પરિપત્ર:-**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, તેમજ માન્ય સંસ્થાઓનાં વડાઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફત ચૂકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal મારફત શૈક્ષણિક યોજનાઓનો અમલ કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માં પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃતિ ચુકવવા સરકારશ્રીની સૂચના છે. જેથી ડિજીટલ ગુજરાત પોર્ટલ અંતર્ગત વિદ્યાર્થીઓએ કરેલ ઓનલાઈન અરજીના આધારે કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીએ વિદ્યાર્થી નિયમિત અભ્યાસ કરે છે કે નહિ તે બાબતની ચકાસણી કરી વિદ્યાર્થીની ઓનલાઇન અરજી સાથે અપલોડ કરેલ દસ્તાવેજોની નિયમાનુસાર ચકાસણી કરી તાત્કાલિક જીલ્લા કચેરીને મોકલી આપશો. જેથી પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃતિ ચુકવી શકાય.

ઉપરાંત BCK-325 શિષ્યવૃતિ યોજના (NT-DNT) અંતર્ગત સરકારશ્રીના ઠરાવ મુજબ વિદ્યાર્થીની શિષ્યવૃતિ અરજીની ચકાસણી કર્યા બાદ કોલેજ/સંસ્થાના જરૂરી સાધનિક કાગળોની ફાઈલ સાથે તે અરજીની હાર્ડ કોપી તથા અપલોડ કરેલ પ્રમાણપત્રોની નકલ જીલ્લા કચેરીને મોકલી આપવાની રહેશે. જો કોઈ વિદ્યાર્થી અરજી કોલેજ/સંસ્થા કક્ષાએ પડતર રહેવાના કારણે શિષ્યવૃતિથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજ/અનુસ્નાતક કેન્દ્રનાં આચાર્યશ્રી/વડા ની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

ખાસ નોંધ: **૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.**
**૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.**

ડારક્ટર
સ્કોલરશીપ સેક્શન,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જુનાગઢ.

બિડાણ:-
- સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,
૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

નકલ સાદર રવાના:-
૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
: www.bknmu.edu.in || registrar@bknmu.edu.in

# જિલ્લા નાયબ નિયામકશ્રી (વિકસતી જાતિ)ની કચેરી
## જિ. ગીર સોમનાથ

સરકારી કુમાર છાત્રાલયના બિલ્ડીંગમા,હુડકો સોસાયટી, વેરાવળ જિ.ગીર સોમનાથ

સત્યમેવ જયતે

ફોન. (૦૨૮૭૬)૨૪૦૦૪૪ EMAIL:-ddcw.swo.gir@gmail.com


તા.૦૧/૧૦/૨૦૨૬

નં.જિનાની/વિજા/૨૬-૨૭/ ૧૮-૬૭ થી ૨૦૩૬

**ખુબ જ અગત્યનું :-**

પ્રતિ,

આચાર્યશ્રી,

..................................

..................................

વિષય :- વર્ષ ૨૦૨૬-૨૭ પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ અરજીઓનો નિકાલ કરવા બાબત

સંદર્ભ :- પરિપત્ર નં:DDCW/EDU/e-FILE/225/2026/1666/K-Branch-Education-Mino, તા.૨૪-૦૯-૨૦૨૬

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ અન્વયે જણાવવાનું કે વર્ષ ૨૦૨૬-૨૭ રાજ્ય/કેન્દ્ર સરકારશ્રીની જુદી-જુદી શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં DBT મારફત ચુકવી શકાય તે હેતુથી રાજય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal મારફત શૈક્ષણિક યોજનાનો અમલ કરવામાં આવે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ ચુકવવા સરકારશ્રીની સુચના છે. જેથી Digital Gujarat Portal પર વિદ્યાર્થીએ કરેલ ઓનલાઈન અરજીના આધારે સંબધિત શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીએ વિદ્યાર્થી નિયમિત અભ્યાસ કરે છે કે નહિ તે બાબતની ચકાસણી કરી વિદ્યાર્થીની ઓનલાઈન અરજી સાથે અપલોડ કરેલ દસ્તાવેજોની નિયમાનુસાર ચકાસણી કરી અરજી જિલ્લા કક્ષાએ મોકલી આપવાની રહેશે. જેથી પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ ચુકવી શકાય.

ઉપરાંત BCK-325 શિષ્યવૃત્તિ યોજના(NT-DNT) અંતર્ગત સરકારશ્રીના ઠરાવ મુજબ વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ અરજીની ચકાસણી કર્યા બાદ કોલેજ/સંસ્થાના જરૂરી સાધનિક કાગળોની ફાઈલ સાથે તે અરજીની હાર્ડ કોપી તથા અપલોડ કરેલ પ્રમાણપત્રોની નકલ અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે.

જો કોઈ વિદ્યાર્થીની અરજી સ્કુલ/કોલેજ/સંસ્થા કક્ષાએ પડતર રહેવાના કારણે શિષ્યવૃત્તિથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.) ગીર સોમનાથ

**નકલ રવાના :-**

૧) કુલ સચિવશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢ

૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગીર સોમનાથ

A.B.SOLANKI\LETTER

Scanned with OKEN Scanner